For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

વડોદરા સહિત રાજ્યભરના વેપારી સંગઠનોનું એલાન, એક દિવસ UPI પેમેન્ટ નહીં સ્વીકારે

# UPI પર ચાર્જ સામે વડોદરાના વેપારીઓમાં રોષ, બીજી ઓક્ટોબરે 'NO UPI DAY' જાહેર

૧ ઓક્ટોબર ના રોજ કલેક્ટર અને સાંસદને દેખાવો યોજી ઉગ્ર રજૂઆત કરશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.26

દેશભરમાં UPI પર મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) લાગુ કરવાની જાહેરાત સામે નાના-મોટા વેપારીઓમાં વિરોધ જોવા મળી રહ્યો છે. વડોદરા વેપાર વિકાસ એસોસિએશનના પ્રમુખ પરેશ પરીખ અને મધ્ય ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ નિમેષ મહેતાએ પણ આ નિર્ણય સામે વિરોધ વ્યક્ત કર્યો છે.

વેપારીઓના જણાવ્યા મુજબ કન્ઝ્યુમર આઈટમના હોલસેલ અને રિટેલ વેપારમાં નફો માત્ર 1થી 1.50 ટકા જેટલો હોય છે. તેમાં રૂ.2,000થી વધુના UPI વ્યવહાર પર 0.40 ટકા MDR તથા GSTનો ખર્ચ વેપારીઓ માટે વધારાનું ભારણ બનશે. આથી વેપારીઓ મોટા વ્યવહારો માટે UPI સ્વીકારવાનું ટાળી રોકડ વ્યવહાર તરફ વળશે, જેની અસર ગ્રાહકો પર પણ થઈ શકે છે.

વડોદરામાં યોજાયેલી બેઠકમાં 70થી વધુ વેપારી સંગઠનોએ 2 ઓક્ટોબરે ગાંધી જયંતીના દિવસે 'NO UPI DAY' મનાવવાનો નિર્ણય લીધો છે. આ દિવસે વેપારીઓ UPI પેમેન્ટ સ્વીકારશે નહીં અને QR કોડ પર કાળો કાગળ કે કપડું લગાવી વિરોધ નોંધાવશે. 2 ઓક્ટોબરે જાહેર રજા હોવાથી 1 ઓક્ટોબરે કલેક્ટર અને સાંસદને આવેદનપત્ર આપવામાં આવશે. સુરત, અમદાવાદ, રાજકોટ, જામનગર અને જૂનાગઢમાં પણ વિરોધની ઝુંબેશ શરૂ થઈ છે.



### UPI ચાર્જ અંગેની અફવાઓ પર પૂર્ણવિરામ

UPI ટ્રાન્ઝેક્શન પર ચાર્જ લાગશે તેવી સોશિયલ મીડિયામાં ફેલાયેલી અફવાઓ વચ્ચે સરકારે સ્પષ્ટતા કરી છે કે સામાન્ય નાગરિકો માટે UPI મફત રહેશે. P2P એટલે કે વ્યક્તિ-થી-વ્યક્તિ વ્યવહારો પર કોઈ ચાર્જ નહીં લાગે. ભવિષ્યમાં વેપારીઓ માટે MDR લાગુ કરાય તો પણ તે મર્યાદિત વ્યવહારો પર અને કાર્ડની સરખામણીએ ઓછા દરે રહેશે. સરકારે જણાવ્યું કે ટેક્સેશન એન્ડ અધર લોઝ (એમેન્ડમેન્ટ) બિલ, 2026માં કરાયેલ જોગવાઈ UPI પર ચાર્જ લાદવા માટે નહીં, પરંતુ સાયબર સુરક્ષા, છેતરપિંડી અટકાવવા અને ડિજિટલ પેમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત કરવા માટે છે. MDR અંગે નિર્ણય બિલ પસાર થયા બાદ NPCIની સમિતિ કરશે.

### હવે MDR નાખી લૂંટવાની તૈયારી

વેપારીઓનો નફો જ 1 ટકા છે, તેમાં 0.40 ટકા MDR કપાશે તો ધંધો કરવો મુશ્કેલ બનશે. રૂ.2,000થી વધુના વ્યવહારોમાં વેપારીઓ UPI સ્વીકારવાનું ટાળી રોકડ તરફ વળી શકે છે. તેથી 2 ઓક્ટોબરે 'NO UPI DAY' રાખી QR કોડ પર કાળી પટ્ટી લગાવી વિરોધમાં જોડાવા નાના વેપારીઓને અપીલ છે.

– **પરેશ પરીખ,** પ્રમુખ, વેપાર વિકાસ એસોસિએશન



પોલીસની નજર વચ્ચે વધુ એક ચોંકાવનારો બનાવ સામે આવ્યો

# ગણેશ વિસર્જન યાત્રામાં ફરી ઝળક્યો ગુજસીટોકના આરોપીનો ફોટો..!

**પોલીસ** વાન સાથેનો વીડિયો વાયરલ થયા બાદ અકબર સુન્નીનો ફોટો શોભાયાત્રામાં મુકાતા પોલીસ દોડતી થઈ

**ફોટો** કોણે અને કેમ મૂક્યો, તેની પાછળ કોઈ ચોક્કસ હેતુ હતો કે કેમ તે સહિતના મુદ્દે પોલીસ તપાસ કરી રહી છે

(પ્રતિનિધિ) વડોદરા તા.26

વડોદરા શહેરમાં ગુનાહિત પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા માથાભારે આરોપીઓના નામ-ફોટાને લઈને પોલીસની નજર વચ્ચે વધુ એક ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. કાસમઆલા ગેંગ સાથે સંકળાયેલા અને ગુજસીટોકના કેસમાં આરોપી રહેલા અકબર સુન્નીનો ફોટો ફરી એકવાર જાહેર કાર્યક્રમની વિસર્જન યાત્રામાં જોવા મળતા પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી.

ગુજસીટોક ગેંગના માથાભારે આરોપી અકબર સુન્ની તાજેતરમાં જ જામીન પર જેલમાંથી બહાર આવ્યો હતો. ત્યારબાદ તેનો પોલીસ વાન સાથેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો, જેને લઈને પણ પોલીસ તંત્રનું ધ્યાન દોરાયું હતું. આ ઘટનાના થોડા સમય બાદ હવે સયાજીગંજ વિસ્તારમાંથી નીકળેલી શોભાયાત્રામાં વિસર્જન માટે મૂકવામાં આવેલા વાહનમાં ફરી એકવાર અકબર સુન્નીનો ફોટો મૂકવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે.

ગુજસીટોક જેવા ગંભીર ગુનામાં આરોપી રહેલા વ્યક્તિનો ફોટો જાહેર શોભાયાત્રામાં મૂકાતા પોલીસ દ્વારા સમગ્ર મામલે તપાસ શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. શોભાયાત્રા દરમિયાન ફોટો કોણે મૂક્યો, કયા કારણોસર મૂકવામાં આવ્યો અને તેની પાછળ કોઈ ચોક્કસ હેતુ હતો કે કેમ તે સહિતના મુદ્દે પોલીસ તપાસ કરી રહી છે. અગાઉ પોલીસ વાન સાથેનો વીડિયો વાયરલ થયા બાદ હવે ફરી જાહેર કાર્યક્રમમાં ફોટો સામે આવતા સમગ્ર મામલો ચર્ચાનો વિષય બન્યો છે.

ખાલી બેઠકો વધી, ત્રીજા રાઉન્ડ માટે આજથી નવું રજિસ્ટ્રેશન શરૂ થશે

# મેડિકલ-ડેન્ટલમાં ખાલી બેઠકો ૭૩૮એ પહોંચી વધુ ૨૪ વિદ્યાર્થીઓએ પ્રવેશ રદ કરાવ્યો

**પ્રવેશ** રદની મુદત 1લી ઓક્ટોબર સુધી લંબાવાતા આંકડો હજુ વધશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.26

ધો.12 સાયન્સ પછીના નીટ આધારીત ચાર કોર્સિસ પૈકી મેડિકલ અને ડેન્ટલના કોર્સમાં પ્રવેશ માટેની સ્ટેટ ક્વોટાની સરકારી ઓનલાઈન પ્રક્રિયામાં બે રાઉન્ડ પુરા થઈ ગયા છે. આ વર્ષે બે રાઉન્ડ બાદ ખાલી રહેનારી બેઠકોની સંખ્યા ગત વર્ષ કરતા વધી છે. અગાઉ બે રાઉન્ડ બાદ નોન રિપોર્ટીંગ અને પ્રવેશ રદ મળીને કુલ 714 બેઠકો ખાલી હતી, જે હવે વધીને 738 થઈ ગઈ છે. કારણ કે વધુ 24 વિદ્યાર્થીઓએ પ્રવેશ રદ કરાવી દીધો છે.

પ્રાપ્ત વિગતો મુજબ એમબીબીએસ એટલે કે યુજી મેડિકલ અને બીડીએસ એટલે કે યુજી ડેન્ટલમાં બે ઓનલાઇન રાઉન્ડ પુરા થઈ ગયા બાદ ત્રીજો રાઉન્ડ કરવા માટે રાજ્ય સરકારની મેડિકલ પ્રવેશ સમિતિ દ્વારા નવું રજિસ્ટ્રેશન શરૂ કરવાની જાહેરાત કરી દેવાઈ છે. જેમાં આવતીકાલે 27મીથી ઓનલાઈન પિન વિતરણ અને ઓનલાઈન રજિસ્ટ્રેશન શરૂ થશે, જે 30 સપ્ટેમ્બર સુધી ચાલશે. જ્યારે અગાઉ પ્રથમ અને બીજા રાઉન્ડમાં પ્રવેશ મેળવીને પ્રવેશ કન્ફર્મ કરાવનારા વિદ્યાર્થીઓને પ્રવેશ રદ કરાવવા માટે ફરી વાર મુદત વધારાઈ છે. જે મુજબ રદની મુદત 27મી સપ્ટેમ્બરથી વધારીને 1લી ઓક્ટોબર સુધી કરવામાં આવી છે. મુદત વધારાતા હજુ વધુ પ્રવેશ રદ થશે તેવું મનાઈ રહ્યું છે. આજ સુધીમાં મેડિકલમાં 13 વિદ્યાર્થીઓએ અને ડેન્ટલમાં 14 વિદ્યાર્થીઓએ પ્રવેશ રદ કરાવ્યા છે. અગાઉ 3 વિદ્યાર્થીએ પ્રવેશ રદ કરાવ્યા હતા, પરંતુ વધુ 24 વિદ્યાર્થીઓએ પ્રવેશ રદ કરાવતા આંકડો વધ્યો છે. આ 24 વિદ્યાર્થીઓની પણ 10-10 હજારની ડિપોઝીટ પેટેની 2.40 લાખ રૂપિયાની રકમ જપ્ત થશે. હાલ મેડિકલમાં 438 નોન રિપોર્ટેડ અને 13 પ્રવેશ રદ સાથેની 452 બેઠકો ખાલી પડી છે. જ્યારે ડેન્ટલમાં 272 નોન રિપોર્ટ અને 14 પ્રવેશ રદ સાથેની 286 બેઠકો ખાલી પડી છે. કુલ મળીને મેડિકલ અને ડેન્ટલમાં ખાલી બેઠકો વધીને 738 થઈ છે, જે હજુ પણ વધે તેવી શક્યતા છે.

# રેલવે સ્ટેશન પર બિનવારસી બેગમાંથી ૧૦ કિલો ગાંજાનો જથ્થો ઝડપાયો

**ફુટઓવર** બ્રિજની સીડી પાસે મુકેલી બેગમાંથી ખાખી ટેપમાં વીંટાળેલા રૂ.૫.૦૧ લાખનો મુદ્દામાલ જપ્ત, કેરિયર વોન્ટેડ

(પ્રતિનિધિ) વડોદરા તા.26

વડોદરા રેલવે સ્ટેશન પર બિનવારસી પડેલી બેકપેકમાંથી રૂ.5 લાખની કિંમતનો 10.018 કિલો ગાંજો મળી આવતાં ચકચાર મચી છે. બનાવને પગલે રેલવે પોલીસે અજાણ્યા શખ્સ સામે એનડીપીએસ એક્ટ હેઠળ કાર્યવાહી કરી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ, 4 સપ્ટેમ્બરે પ્લેટફોર્મ નંબર-2 પર રેલવેમાં કોન્ટ્રાક્ટ પર ભીસ્તી તરીકે ફરજ બજાવતા કાલીચરણ જગદીશપ્રસાદ ગુજરાતી નામના કર્મચારીને શંકાસ્પદ હાલતમાં બિનવારસી બેકપેક મળી આવી હતી. તેમણે બેગ આરપીએફ પોસ્ટ ખાતે સોંપી હતી. તપાસ કરતાં બેગમાંથી ખાખી ટેપથી વીંટાળેલા પાંચ પેકેટ મળી આવ્યા હતા.

આ અંગે આરપીએફે વડોદરા રેલવે પોલીસને જાણ કરતાં બેકપેક પોલીસ સ્ટેશન ખાતે લાવવામાં આવી હતી. ત્યારબાદ એસઓજી પશ્ચિમ રેલવેની ટીમ પણ પહોંચી હતી. પેકેટોની તપાસ અને વજન કરતાં કુલ 10.018 કિલો ગાંજો મળી આવ્યો હતો. પોલીસે ગાંજો સહિતનો મુદ્દામાલ કબજે કર્યો છે.

પ્રાથમિક તપાસમાં આશંકા છે કે કોઈ કેરિયર ગાંજો લઈને રેલવે સ્ટેશન આવ્યો હતો અને પોલીસના હાથે ઝડપાઈ જવાના ભયથી પ્લેટફોર્મ નંબર-2/3 તરફના ફુટઓવર બ્રિજની સીડી નીચે રેક્ટિફાયર રૂમ પાસે લોખંડના થાંભલા નજીક બેકપેક મૂકીને ફરાર થઈ ગયો હતો. પોલીસે સીસીટીવી સહિતના આધારો પરથી આરોપીની ઓળખ મેળવવા તપાસ હાથ ધરી છે.

# છાણી જકાતનાકા પાસે અજાણી રિક્ષાની ટક્કરે આધેડનું મોત

**ચા પીવા** પગપાળા જતા આધેડને પાછળથી અડફેટે લીધા બાદ રિક્ષાચાલક ફરાર; પુત્રની ફરિયાદ

(પ્રતિનિધિ) વડોદરા તા.26

છાણી જકાતનાકા સર્કલ પાસે ચા પીવા માટે પગપાળા જતા આધેડને પાછળથી પુરઝડપે આવેલી અજાણી રિક્ષાએ ટક્કર મારતાં ગંભીર ઈજા પહોંચી હતી. અકસ્માત બાદ રિક્ષાચાલક રિક્ષા સાથે ફરાર થઈ ગયો હતો. બીજી તરફ એસએસજી હોસ્પિટલના આઈસીયુમાં સારવાર દરમિયાન આધેડનું મોત થતાં પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

વડોદરાના નવાયાર્ડ વિસ્તારમાં રમણીકલાલની ચાલમાં રહેતા કમલેશભાઈ અંબાલાલભાઈ પરમાર (ઉં.વ.56) ડ્રાઈવિંગ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. ગત 8 સપ્ટેમ્બરે સવારે તેઓ છાણી જકાતનાકા ખાતે ગ્રીન ટ્રાન્સપોર્ટમાં નોકરી પર ગયા હતા. સાંજે સાડા પાંચ વાગ્યાના અરસામાં તેઓ ચા પીવા માટે છાણી જકાતનાકા સર્કલ તરફ પગપાળા જઈ રહ્યા હતા.

તે દરમિયાન પાછળથી આવેલી રિક્ષાએ તેમને અડફેટે લેતાં તેઓ રોડ પર પટકાયા હતા. અકસ્માતમાં માથાની ડાબી બાજુ ગંભીર ઈજા થઈ હતી. રિક્ષાચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. ઈજાગ્રસ્ત કમલેશભાઈએ સાંજે સાડા સાત વાગ્યે પુત્ર ધર્મેશને ફોન કરી અકસ્માતની જાણ કરી હતી. ધર્મેશ વડોદરા આવી પિતાને બાઈક પર એસએસજી હોસ્પિટલ લઈ ગયો હતો.

માથામાં ગંભીર ઈજાને પગલે કમલેશભાઈને આઈસીયુમાં દાખલ કરાયા હતા. જોકે, સારવાર દરમિયાન તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. પુત્ર ધર્મેશકુમાર પરમારે અજાણી રિક્ષાના ચાલક સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ફરાર આરોપીની શોધખોળ શરૂ કરી છે.

નવલખી રોડ પર ડીપી આસપાસની સફાઇ વીજ કર્મચારીઓએ કરવી પડી

# કમિશનરના આદેશોની ઐસીતૌસી: વડોદરા પાલિકામાં નોટિસો છતાં અધિકારીઓ બેફામ!

**એસી** કેબિનમાં બેસી વહીવટ કરતા ગાર્ડન વિભાગ સામે ઉઠતા તીખા સવાલો

(પ્રતિનિધિ) વડોદરા તા.26

સંસ્કારી નગરી વડોદરામાં વડોદરા મહાનગરપાલિકાના અધિકારીઓની કામચોરી, બેદરકારી અને પોતાની જવાબદારી પ્રત્યેની બેપરવાહીનો વધુ એક અજીબોગરીબ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. શહેરના નવલખી કમ્પાઉન્ડમાં રોડ પર આવેલી એમજીવીસીએલ ની ડીપીની આસપાસ જંગલી છોડ, ઘાસ અને ઝાડી-ઝાંખરાંનું સામ્રાજ્ય સ્થપાઈ ગયું હોવા છતાં પાલિકાના ગાર્ડન શાખા દ્વારા સફાઈ કરવામાં આવી ન હતી. આખરે પોતાની ફરજ બજાવવા આવેલા વીજ કંપનીના કર્મચારીઓએ પોતે જ હાથમાં સાધનો ઉપાડી પાલિકાના હિસ્સાની સફાઈ કરવાની નોબત આવી હતી.



મળતી માહિતી મુજબ, નવલખી કમ્પાઉન્ડ સ્થિત એમજીવીસીએલની ડીપીમાં મેઈન્ટેનન્સ, ડીપી બદલવા, વાયરો બદલવા કે ચાલુ-બંધ કરવાના કામ અર્થે જીઈબી/એમજીવીસીએલના કર્મચારીઓ અને અધિકારીઓ સ્થળ પર પહોંચ્યા હતા. પરંતુ ડીપીની આસપાસ અને નીચેના ભાગે મોટા પ્રમાણમાં જંગલી છોડ અને ઘાસ ઉગી નીકળ્યા હોવાથી વીજ કર્મચારીઓને કામગીરી કરવામાં ભારે મુશ્કેલી પડી રહી હતી.

નિયમ મુજબ જાહેર માર્ગો અને પાલિકા હસ્તકની મિલકતોની આસપાસ ઉગેલા ઝાડી-ઝાંખરાં દૂર કરવાની પ્રાથમિક જવાબદારી વડોદરા મહાનગરપાલિકાના ગાર્ડન શાખાની છે. તેમ છતાં, ગાર્ડન શાખાના અધિકારીઓએ કોઈ કામગીરી કરી ન હતી. પાલિકાના અધિકારીઓને નોટિસ આપો કે ખુલાસા પૂછો, તેમને કોઈ જ ફેર પડતો નથી. આ સ્થિતિ જોતાં સ્પષ્ટપણે દેખાઈ આવે છે કે પાલિકાના અધિકારીઓ ખુદ મ્યુનિસિપલ કમિશનરનું પણ માન જાળવતા નથી અને તેમના આદેશો કે સુચનાઓની કોઈ પરવા કરતા નથી.

સ્થળ પર કામ અટકી પડતાં અને પાલિકાના ગાર્ડન વિભાગે હાથ ઊંચા કરી દેતાં, આખરે એમજીવીસીએલના કર્મચારીઓએ મજબૂર બનીને જાતે જ ડીપીની આસપાસની સફાઈ કરવી પડી હતી. હવે પાલિકાના અધિકારીઓનું કામ પણ જો વીજ કંપનીના કર્મચારીઓએ જ કરવું પડતું હોય, તો પછી પાલિકાના અધિકારીઓ આખરે શું કામ કરે છે? માત્ર એસી કેબિનોમાં બેસીને વહીવટ ચલાવવો અને કામ કર્યા વગર કોન્ટ્રાક્ટરોના બિલો પાસ કરાવી પૈસા ખાવા? તેવા તીખા સવાલો શહેરીજનોમાં ઉઠી રહ્યા છે. કમિશનરના માનના ધજાગરા ઉડાડતા આ કિસ્સાથી પાલિકા તંત્રની પોલ છતી થઈ ગઈ છે.

# સુરત-ઉદયપુર વંદે ભારતને મંજૂરી વડોદરાથી ૬ કલાકમાં ઉદયપુર

**૩ ઓક્ટોબરથી** નિયમિત સેવા શરૂ થશે; અઠવાડિયામાં છ દિવસ દોડશે, મંગળવારે રજા

(પ્રતિનિધિ) વડોદરા તા.26

દક્ષિણ ગુજરાત અને રાજસ્થાન વચ્ચે રેલ કનેક્ટિવિટી મજબૂત કરવા માટે ભારતીય રેલવે બોર્ડ દ્વારા નવી સુરત-ઉદયપુર વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને મંજૂરી આપવામાં આવી છે. આ પ્રીમિયમ ટ્રેન સર્વિસ 3 ઓક્ટોબરથી નિયમિત શરૂ થશે, જેમાં વડોદરા જંક્શનને મહત્વનો સ્ટોપેજ આપવામાં આવ્યો છે.

પશ્ચિમ રેલવેએ સુરત-ઉદયપુર સિટી વચ્ચે નવી વંદે ભારત એક્સપ્રેસ (26903/26904) શરૂ કરવાની જાહેરાત કરી છે. આ સાથે અમદાવાદના અસરવાથી ઉપડતી ઉદયપુર વંદે ભારત (26963/64) કાયમી ધોરણે બંધ કરાશે. રેલવે બોર્ડે બહાર પાડેલા આદેશમાં વડોદરાને આ રૂટનું મુખ્ય વોટરિંગ સ્ટેશન પણ બનાવ્યું છે. વડોદરાથી ઉદયપુર જવા માટે હવે સીધી સેમી-હાઈસ્પીડ કનેક્ટિવિટી મળશે.

આ ટ્રેન સુરતથી સવારે 06:10 એ ઉપડી સવારે 07:40 વાગ્યે વડોદરા આવશે અને માત્ર 2 મિનિટના હોલ્ટ બાદ 07:45 એ ઉદયપુર તરફ રવાના થશે. બપોરે 13:40 એ ઉદયપુર પહોંચાડશે. એટલે કે વડોદરાથી ઉદયપુર માત્ર 6 કલાકમાં. પરત ફરતી વખતે ટ્રેન નં. 26904 ઉદયપુરથી 15:35 એ ઉપડી રાત્રે 21:22 વાગ્યે વડોદરા આવશે અને 21:27 એ સુરત તરફ જશે.

સુરત 23:00 વાગ્યે પહોંચશે. આ ટ્રેનનો રૂટ ભરૂચ, વડોદરા, આણંદ, નડિયાદ, અમદાવાદ, અસરવા, હિંમતનગર, શામળાજી રોડ, ડુંગરપુર અને ઝાવર રહેશે. 8 કોચની આ ટ્રેન અઠવાડિયામાં 6 દિવસ દોડશે, મંગળવારે બંધ રહેશે. રેલવે સૂત્રોના જણાવ્યા અનુસાર, અસરવાથી ચાલતી ટ્રેનમાં ઓક્યુપન્સી ઓછી રહેતી હતી, જ્યારે સુરત-વડોદરા પટ્ટામાંથી ઉદયપુર તરફ જતા પ્રવાસીઓ અને બિઝનેસ ટ્રાવેલર્સની સંખ્યા વધુ છે. આથી આ નિર્ણયથી વડોદરાના મુસાફરોને સીધો લાભ મળશે. બુકિંગ ટૂંક સમયમાં શરૂ થશે.

વેડિંગ ઇન્વિટેશનના નામે મેસેજ વાયરલ

# મ.સ.યુનિ.ના ઈનચાર્જ વીસીના નામે શંકાસ્પદ APK ફાઈલ ફરતી થઈ

**કર્મચારીઓ**-વિદ્યાર્થીઓને ફાઇલ ન ખોલવા તાકીદ

(પ્રતિનિધિ) વડોદરા તા.26

વડોદરા શહેરના શિક્ષણ જગતમાં મ.સ.યુનિ.ના ઈનચાર્જ વીસી પ્રો. ધનેશ પટેલના નામે ફરતા એક શંકાસ્પદ વોટ્સએપ મેસેજને લઈને ચિંતા ફેલાઈ છે. મેસેજમાં 'વેડિંગ ઈન્વિટેશન' હોવાનું જણાવી એક ફાઈલ મોકલવામાં આવી છે. જોકે, આ ફાઈલ સામાન્ય ફોટો, PDF કે ડિજિટલ કાર્ડના બદલે .apk ફોર્મેટમાં છે.

APK ફાઈલ એન્ડ્રોઈડ મોબાઈલમાં એપ્લિકેશન ઈન્સ્ટોલ કરવા માટે વપરાય છે. લગ્નની કંકોત્રી માટે સામાન્ય રીતે આવા ફોર્મેટનો ઉપયોગ થતો નથી. પ્રાપ્ત માહિતી મુજબ, ફાઈલ ખોલવાનો પ્રયાસ કરતાં મોબાઈલમાં સિક્યુરિટી વોર્નિંગ




દેખાયું હતું. જેના પગલે ફાઈલમાં માલવેર કે વાયરસ હોવાની અને મોબાઈલ ડેટા ચોરી અથવા બેન્કિંગ વિગતો જોખમમાં મુકાવાની આશંકા વ્યક્ત થઈ રહી છે. સાયબર ઠગો જાણીતી વ્યક્તિઓના નામે APK ફાઈલ મોકલી મોબાઈલમાં માલવેર ઈન્સ્ટોલ કરાવતા હોવાના કિસ્સા સામે આવી ચૂક્યા છે. જેથી આ મેસેજ પણ તે પ્રકારની સાયબર છેતરપિંડીનો પ્રયાસ હોવાની આશંકા છે. જોકે, મેસેજ ખરેખર પ્રો. ધનેશ પટેલે મોકલ્યો છે કે તેમના નામનો દુરુપયોગ થયો છે તે અંગે હજુ પુષ્ટિ થઈ નથી. તેમનો સંપર્ક કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ ફોન સતત વ્યસ્ત રહ્યો હતો. સત્યતા સ્પષ્ટ ન થાય ત્યાં સુધી કર્મચારીઓ, વિદ્યાર્થીઓ અને નાગરિકોને આવી કોઈપણ APK ફાઈલ ડાઉનલોડ, ઓપન કે ઈન્સ્ટોલ નહીં કરવાની સલાહ અપાઈ છે. ભૂલથી ડાઉનલોડ થઈ હોય તો તેને ઈન્સ્ટોલ કર્યા વિના ડિલીટ કરવા અને અજાણ્યા નંબરની લિંકથી સાવચેત રહેવા અપીલ કરાઈ છે.

# હડતાળ પહેલાં આજે સરકારી બેંકોમાં કામકાજ ચાલુ રહેશે

**RBIનો** વિશેષ નિર્ણય; રવિવારે SBI, PNB, BOB સહિતની સરકારી બેંકો અને RRB ખુલ્લી રહેશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.26

સોમવારથી શરૂ થનારી બેંક કર્મચારીઓની ત્રણ દિવસીય દેશવ્યાપી હડતાળને ધ્યાનમાં રાખીને RBIએ ગ્રાહકોને રાહત આપતો નિર્ણય લીધો છે. નાણાં મંત્રાલયની ભલામણ બાદ 27 સપ્ટેમ્બરે રવિવાર હોવા છતાં દેશભરની સરકારી બેંકો અને રિજનલ રૂરલ બેંકો (RRB) સામાન્ય સમય મુજબ ચાલુ રાખવાનો નિર્દેશ અપાયો છે.

26 સપ્ટેમ્બર ચોથો શનિવાર અને 27 સપ્ટેમ્બર રવિવાર બાદ 28થી 30 સપ્ટેમ્બર સુધી હડતાળ છે. તેથી RBIના નિર્ણયથી સતત પાંચ દિવસ બેંકિંગ સેવા બંધ રહેવાની સ્થિતિ ટળી છે. ખાસ કરીને રોકડ ઉપાડ, ચેક ક્લિયરિંગ, લોન દસ્તાવેજો અને વ્યવસાયિક વ્યવહારો માટે ગ્રાહકોને સુવિધા મળશે. 30 સપ્ટેમ્બરે બેંકોનું અર્ધવાર્ષિક ક્લોઝિંગ હોવાથી વધારાનો કાર્યદિવસ મહત્વનો છે. RBIના નિર્દેશ મુજબ SBI, PNB, બેંક ઓફ બરોડા અને કેનેરા બેંક સહિતની જાહેર ક્ષેત્રની બેંકો તથા RRBની શાખાઓ, વહીવટી કચેરીઓ અને કરન્સી ચેસ્ટ પણ ખુલ્લી રહેશે. HDFC, ICICI અને Axis જેવી ખાનગી બેંકો હડતાળમાં સામેલ ન હોવાથી તેમના માટે સામાન્ય રજાના નિયમો લાગુ રહેશે.

### હડતાળમાં ડિજિટલ સેવા ચાલુ

નેટ બેન્કિંગ, UPI અને મોબાઇલ બેન્કિંગ સેવાઓ ચાલુ રહેશે. SBI ATMમાંથી રોકડ ઉપાડવા પર વધારાનો ચાર્જ નહીં લાગે. કર્મચારી સંગઠનોની માંગણીઓમાં 5 દિવસીય બેંકિંગ, પેન્શન અને જૂની પેન્શન યોજના સહિતના મુદ્દાઓ સામેલ છે.

વડોદરા પાલિકાનો અજબ કારભાર

# STPમાં જવું જોઈતું મળમૂત્રવાળું ગંદુ પાણી સીધું વરસાદી ગટરમાં ઠલવાયું!

**ડીઝલ** બચાવવા માટે કોન્ટ્રાક્ટરોના ગોરખધંધા

**સુપરવાઈઝરની** સૂચનાથી ડ્રેનેજનું ગંદુ પાણી વરસાદી ગટરમાં ઠાલવાતું હોવાનો પર્દાફાશ

(પ્રતિનિધિ) વડોદરા. તા.૨૬

સ્માર્ટ સિટીના દાવા કરતી વડોદરા મહાનગરપાલિકાની કામગીરી સામે વધુ એક ગંભીર આક્ષેપ સામે આવ્યો છે. સયાજી હોસ્પિટલથી કાલાઘોડા તરફ જતા મુખ્ય માર્ગ પર પાલિકાના ડ્રેનેજ વિભાગ હેઠળ કામ કરતા કોન્ટ્રાક્ટર દ્વારા ડ્રેનેજનું અત્યંત ગંદુ અને પ્રદૂષિત પાણી સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં મોકલવાને બદલે સીધું વરસાદી ગટરમાં ઠાલવવામાં આવતું હોવાનો આક્ષેપ કરાયો છે.



સામાજિક કાર્યકર કમલેશ પરમારના જણાવ્યા મુજબ, ઘટનાસ્થળે ડ્રાઈવરને રંગેહાથ રોકી પૂછપરછ કરતાં તેણે આ કામગીરી સુપરવાઈઝરની સૂચનાથી થતી હોવાનું જણાવ્યું હતું. આક્ષેપ મુજબ, પાલિકાના વાહનોમાં પૂરતું ડીઝલ હોવા છતાં સમય અને ડીઝલ બચાવવાના હેતુથી ગંદા પાણીને ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધી લઈ જવાને બદલે નજીકના વરસાદી ગટરમાં ઠાલવવામાં આવે છે.

શહેરના વિવિધ વિસ્તારોમાં ગટર ઉભરાવાની ફરિયાદો વચ્ચે ગંદુ પાણી વરસાદી ગટરમાં છોડવાથી જાહેર આરોગ્ય અને પર્યાવરણ સામે જોખમ ઊભું થવાની શક્યતા છે. સમગ્ર મામલે પાલિકાના જવાબદાર અધિકારીઓ દ્વારા યોગ્ય દેખરેખ રાખવામાં આવી રહી છે કે કેમ તે અંગે પણ સવાલો ઉઠ્યા છે.

આ મામલે કમલેશ પરમારે મ્યુનિસિપલ કમિશનર, મેયર અને સ્થાયી સમિતિના ચેરમેનને રજૂઆત કરી તપાસ અને કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. જવાબદાર કોન્ટ્રાક્ટરોને બ્લેકલિસ્ટ કરવા તેમજ જો અધિકારીઓની મિલીભગત સાબિત થાય તો તેમની સામે પણ કાર્યવાહી કરવા માંગ ઉઠાવવામાં આવી છે. જોકે, આ આક્ષેપો અંગે પાલિકા તંત્રનો સત્તાવાર પ્રતિભાવ મળ્યો નથી.